# અમે જૂના કેમ્પસને બહુ મિસ કરીશું

**•આઇઆઇટી-જીએનના સ્ટુડન્ટ્સ જૂના કેમ્પસથી નવા કેમ્પસમાં શિફ્ટ થઇ રહ્યા છે ત્યારે સ્ટુડન્ટ્સે 'સિટીલાઇફ' સાથે જૂના કેમ્પસનાં સંભારણાં અને નવા કેમ્પસ અંગેની આતુરતા અને દિલની વાતો શેર કરી**

**અમદાવાદ : ૧૫ જુલાઈ ૨૦૧૫**




ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (આઈઆઈટી-જીએન) હવે ન્યુ પાલેજ કેમ્પસમાં શિફ્ટ થઈ રહી છે. અત્યારના તબક્કે ન્યૂ કેમ્પસમાં લેબોરેટરી, ક્લાસરૂમ અને હોસ્ટેલ તૈયાર થઈ ચૂક્યા છે. ધીરે- ધીરે તબક્કાવાર વિવિધ ડિપાર્ટમેન્ટ્સને નવા કેમ્પસમાં શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. જ્યાં સુધી તમામ ડિપાર્ટમેન્ટ અને લેબ નવા કેમ્પસમાં શિફ્ટ અને સેટ નહીં થાય ત્યાં સુધી દરરોજ બે કેમ્પસને જોડવા માટે દર અડધા કલાકે એક બસ દોડાવવામાં આવશે. જેથી કોઈ ફેકલ્ટી કે સ્ટુડન્ટ્સ ન્યૂ કેમ્પસથી ઓલ્ડ કેમ્પસ આવી- જઈ શકે. પરંતુ અત્યારના તબક્કે સ્ટુડન્ટ્સમાં ન્યૂ કેમ્પસને લઈને બહુ ચર્ચા જોવા મળી રહી છે. નવું કેમ્પસ સાબરમતીને કિનારે ગ્રીન એરિયામાં ફેલાયેલું છે. જોકે સ્ટુડન્ટ્સ માને છે કે નવા કેમ્પસની આસપાસ હોટલ્સ કે રેસ્ટોરન્ટ નહીં હોવાથી તેઓ જૂના કેમ્પસને મિસ કરશે.

હું છેલ્લા સાડા ત્રણ વર્ષથી કેમ્પસમાં અભ્યાસ કરું છું.



ન્યૂ કેમ્પસ માટે સ્ટુડન્ટ્સ એક્સાઇટેડ છે. પરંતુ અહીં જે રેસ્ટોરન્ટ છે તેનો ટેસ્ટ ત્યાં મળશે નહીં. ન્યૂ કેમ્પસમાં પીએચડી સ્ટુડન્ટ્સ પણ હોસ્ટેલમાં રહેશે. જેથી અમે પણ અભ્યાસની સાથે એન્જોય કરીશું.

**- વિક્રમ, પી.એચ.ડી. સ્ટુડન્ટ**

આ કેમ્પસના વાતાવરણમાં સરસ સેટ થઇ ગયા છીએ.



ન્યૂ કેમ્પસમાં ગ્રીનરી છે, સાથે જ ઓલ્ડ કેમ્પસની સ્પેસ કરતાં ન્યૂ કેમ્પસમાં સ્પેસ વધારે હશે. જેથી લેબોરેટરી અને રિસર્ચ લેબમાં સ્ટુડન્ટ્સ માટે ફેસેલિટી વધારે હશે. સાથે જ ચોવીસ કલાક લાઇવ કેમ્પસ પણ જોવા મળશે.

**- મુદત, પીજી સ્ટુડન્ટ**

અમે મોટેરા વિસ્તારની ચા અને પાપડી સૌથી વધારે



મિસ કરીશું. કારણ કે ત્યાં આવી વસ્તુઓ નહીં મળે. અત્યારે સ્ટુડન્ટ્સનો અડ્ડો કેન્ટિનને મિસ કરીશું. કેન્ટિનએ અમારા બર્થ ડે સેલિબ્રેશનનું સ્પેશિયલ પ્લેસ છે. નવા કેમ્પસમાં પણ અમે કોઇને કોઇ હેંગ આઉટ પ્લેસ શોધી લઇશું.

**- પલક, સ્ટુડન્ટ**

નવું કેમ્પસ રીવર સાઇડ છે. તેથી ત્યાંનું વાતાવરણ



સારું હશે. પરંતુ જૂના કેમ્પસ જેવી તમામ ફેસેલિટી ત્યાં નહી મળે. જેમ કે હોટેલ્સ, રેસ્ટોરન્ટ વગેરે ત્યાં નહી મળે. પરંતુ નવા કેમ્પસમાં સ્પેસ વધારે છે તો લેબોરેટરી અને ક્લાસરૂમમાં ભણવાની મજા આવશે.

**- પ્રેરણા, સ્ટુડન્ટ**